અપીલ અરજી નં.૧૦૦૩૪૦૧૨૦૦૦૪
તા.૦૫/૦૪/૨૦૧૯

અરજદાર :– શ્રી રવિ એસ.ધમદે (એડવોકેટ)
સામાવાળા :–જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પીટલ)

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :** આર.ટી.આઈ. એકટ હેઠળ કોમ્પ્યુટર આઈ.ડી.નં.૧૦૦ (૧૦૦/૧૬૯૦૩)ની શ્રી રવિ એસ. ધમદે તા.૨૮/૦૨/૨૦૧૯ ની માહિતી માંગતી અરજી બાબતે પ્રથમ અપીલ

**સંદર્ભ :**
(૧) સ્મીમેર કોલેજ/આર.ટી.આઈ./આ.નં.૫૬૨૩, તા.૦૧/૦૩/૨૦૧૯
(૨) પ્રથમ અપીલ સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૧૩૫, તા.૦૫/૦૪/૨૦૧૯ અપીલ આઈ.ડી.નં.૧૦૦૩૪૦૧૨૦૦૦૪, તા.૦૫/૦૪/૨૦૧૯
(૩) અનુમાનિત પી.આઈ.ઓ. અને સીની.આર.એમ.ઓ. (સ્મીમેર હોસ્પિટલ) ને પત્ર સ્મીમેર/ હોસ્પિ./આઉટ/નં. ૬૨૪૯, તા.૦૮/૦૩/૨૦૧૯(મુદ્દા નં.૩ની માહિતી)
(૪) અનુમાનિત પી.આઈ.ઓ. અને એચ.ઓ.ડી.શ્રી (સર્જરી વિભાગ,સ્મીમેર હોસ્પિટલ) ને પત્ર સ્મીમેર/ હોસ્પિ./આઉટ/નં. ૬૬૮૨, તા.૨૯/૦૩/૨૦૧૯(મુદ્દા નં.૩ની માહિતી)
(૫) સ્મીમેર/હોસ્પિ./આઉટ/ નં.૨૬૮, તા.૧૮/૦૪/૨૦૧૯ (મુદ્દા નં.૩ અને ૪)
(૬) પ્રાધ્યાપક અને વડા સર્જરી વિભાગ સ્મીમેર નો પત્ર સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૬૧૧, ૦૨/૦૫/૨૦૧૯
(૭) અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર, સ્મીમેર મેડીકલ કોલેજના સ્મીમેર/આઉટ નં.૫૭૩, તા.૦૬/૦૫/૨૦૧૯
(૮) સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૬૧૨, તા.૦૯/૦૫/૨૦૧૯
(૯) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ નો પત્ર સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૬૩૨, તા.૧૦/૦૫/૨૦૧૯
(૧૦) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર કોલેજનો પત્ર સ્મીમેર કોલેજ/આર.ટી.આઈ./આઉટ/નં.૫૭૩, તા.૦૪/૦૫/૨૦૧૯

અરજદાર શ્રી રવિ એસ. ધમદે તરફથી જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર કોલેજ) સુરત મહાનગરપાલિકા તરફથી સ્મીમેર હોસ્પીટલને સંપૂર્ણ તબદીલ કરાતાં અત્રે સ્મીમેર/હોસ્પી/ઈન./નં.૭૭૨૬, તા.૦૨/૦૩/૧૯ થી જાહેર માહિતી અધિકારીને મળેલ. સદર અરજીમાં માંગવામાં આવેલ માહિતી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી અન્વયે મુદ્દા નં.૩ની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલ દ્વારા અનુમાનિત પી.આઈ.ઓ. અને સીની.આર.એમ.ઓ.શ્રી (સ્મીમેર હોસ્પિટલ) ને સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૬૨૪૯, તા.૦૮/૦૩/૨૦૧૯ થી પત્ર પાઠવેલ અને અનુમાનિત પી.આઈ.ઓ. અને એચ.ઓ.ડી.શ્રી (સર્જરી વિભાગ, સ્મીમેર હોસ્પિટલ) ને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલ દ્વારા સ્મીમેર/હોસ્પિ./આઉટ/ નં.૬૬૮૨, તા.૨૯/૦૩/૨૦૧૯ થી પત્ર પાઠવેલ છે.

ત્યારબાદ અરજદારશ્રી ધ્વારા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી, સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૧૩૫, તા.૦૫/૦૪/૨૦૧૯ થી અત્રે મળેલ છે. અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર દ્વારા સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૫૭૩, તા.૦૬/૦૫/૨૦૧૯ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલને અપીલ તબકકેની પુર્તતા રજુ કરવા જણાવવામાં આવેલ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ દ્વારા સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૬૩૨, તા.૧૦/૦૫/૨૦૧૯ થી પુર્તતા રજુ થયેલ છે. જે મુજબ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર હોસ્પિટલ) દ્વારા મુદ્દા નં.૩ અને ૪ ની માહિતી માટે સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૨૬૮, તા.૧૮/૦૪/૨૦૧૯ થી સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર કોલેજ)ને અંશતઃ તબદીલ

કરવામાં આવેલ. અને સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૬૧૧, તા.૦૨/૦૫/૨૦૧૯ થી સર્જરી વિભાગ દ્વારા મુદ્દા નં.૪ ની માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરને મળેલ છે.

વધુમાં જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરના પત્ર નં.સ્મીમેર/હોસ્પિ./આઉટ/૬૨૪૯, તા.૦૮/૦૩/૧૯ અનુમાનિત પી.આઈ.ઓ. અને સીની.આર.એમ.ઓ.શ્રીને સદર મૂળ અરજીના મુદ્દા નં.૧ થી ૫ મુદ્દા બાબતે સ્પષ્ટતા/પુર્તતા દસ્તાવેજી પુરાવા સહીત રજુ કરવા જણાવવામાં આવેલ. જેના અનુસંધાનમાં સંબંધિત વિભાગ દ્વારા અત્રે માહિતી ન મળતા ફરીથી સ્મીમેર /હોસ્પિ./આઉટ/નં.૬૬૮૨, તા.૨૯/૦૩/૧૯ થી માહિતી/ પુરાવા દિન–૨માં રજુ કરવા જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલ દ્વારા જણાવવામાં આવેલ. તેમ છતાં સદર માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલ સ્મીમેર/હોસ્પિ./ઈન/૬૧૧, તા.૦૨/૦૫/૨૦૧૯ ના રોજ વિલંબથી મળેલ હોવાનું તેમના પુર્તતા રીપોર્ટમાં તેમણે જણાવેલ છે. સ્મીમેર/હોસ્પિ./આઉટ/૬૧૨, તા.૦૯/૦૫/૨૦૧૯ થી અરજદારને મળેલ માહિતી અંગે પ્રત્યુત્તર જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલ દ્વારા પાઠવવામાં આવેલ છે. આમ માહિતી અત્રે મોડી મળવાના કારણે અરજદારને માહિતી આપવામાં વિલંબ થયેલ છે. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલએ તેમના પુર્તતા રીપોર્ટ સાથે એ પણ જણાવેલ છે કે મુદ્દા નં.૩ અને ૪ માટે તેઓએ તા.૨૨/૦૪/૨૦૧૯ ના રોજ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર કોલેજને મુળ અરજી પુનઃ તબદીલ કરેલ છે. ઉલ્લેખનીય છે કે મુળ અરજી મેડીકલ કોલેજને જ મળેલ હતી. જેના અનુસંધાને મુદ્દાનં.૩ અને ૪ની માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર કોલેજ દ્વારા આપવામાં આવેલ છે. જે ડોકટરોના આવવા–જવાના સમયને સ્પર્શતી છે. મુદ્દા નં.૧,૨ અને ૫ અનુક્રમે સ્પર્મ કાઉન્ટના દર્દીની તપાસ કરતા સર્જનો, વહેલા જવાનું અને ખાનગી હોસ્પિટલ ચલાવવા અંગેના ત્રણેય મુદ્દાઓ મેડીકલ કોલેજને સ્પર્શતા છે. અને મુળ અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર કોલેજને થયેલ છે. જેથી હોસ્પિટલ ખાતેથી કોઈ કાર્યવાહી કરવાની રહે નહી.

**<u>તારણ</u> :**

મુદ્દા નં.૪ ની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલ તરફથી આપેલ છે. પુનઃ મુદ્દા નં. ૩ અને ૪ની માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર કોલેજ તરફથી પુરી પાડવામાં આવેલ છે. તે ધ્યાને લેતા મુદ્દા નં.૧, ૨ અને ૫ , મુદ્દા નં.૩ અને ૪ ને સંલગ્ન હોય અરજદાર દ્વારા સેકશન ઓફિસર અને જાહેર માહિતી અધિકારી કોલેજ તરફથી મળેલ તા.૦૪/૦૫/૨૦૧૯ ની માહિતીના અનુસંધાને કોલેજ કક્ષાએ અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર (કોલેજ) ને અપીલ કરવાની રહે.

**<u>હુકમ</u>**

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલ દ્વારા મુળ અરજીની પુનઃ તબદીલી અને આપેલ પ્રથમ મુદ્દાની માહિતી ધ્યાને લેતા હોસ્પિટલ કક્ષાનો કોઈ તકરારી મુદ્દો માહિતીના ઈનકાર માટેનો જણાતો નથી. તેથી હોસ્પિટલ ખાતેની પ્રથમ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, અપીલનો આખરી નિકાલ કરવામાં આવે છે. અરજદાર તા.૦૪/૦૫/૨૦૧૯ની કોલેજ ખાતેથી મળેલ માહિતીના અનુસંધાને તેમના અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર કોલેજને તેમને સ્પર્શતા મુદ્દા અંગે અપીલ કરવા સ્વતંત્ર છે.

આ હુકમથી નારાજગીના કિસ્સામાં અરજદાર દિન–૯૦ (નેવું) માં માહિતી આયોગ, ગુજરાત રાજય ગાંધીનગરને બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(એચ.એસ.ભાવસાર)
અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર
સ્મીમેર હોસ્પીટલ
સુરત મહાનગરપાલિકા

નં.સ્મીમેર/આઉટ/
તા. /૦૭/૨૦૧૯

અપીલ અરજી નં.૨૦૧૯૧૦૦૦૦૦૮

તા.૨૪/૦૬/૨૦૧૯

અરજદાર :– શ્રી વેકન્ના સૌમૈયા વેમુલા
સામાવાળા :–જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પીટલ)

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :** આર.ટી.આઈ. એકટ હેઠળ કોમ્પ્યુટર આઈ.ડી.નં.૧૨ અને ૧૪ (૧૦૦/૧૬૯૧૦ તથા ૧૦૦/૧૬૯૧૧)ની શ્રી વેકન્ના સૌમૈયા વેમુલા તા.૨૩/૦૫/૨૦૧૯ અને તા.૨૯/૦૫/૨૦૧૯ ની માહિતી માંગતી અરજી બાબતે પ્રથમ અપીલ

**સંદર્ભ :** (૧) અત્રેની કચેરીનો નમુનો–ગ પત્ર ક્રમાંક સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૧૧૨૭, તા.૦૭/૦૬/૨૦૧૯ તથા પત્ર ક્રમાંક સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૧૩૧૬, તા.૧૩/૦૬/૨૦૧૯

અરજદાર શ્રી વેકન્ના સૌમૈયા વેમુલા તરફથી જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની માહિતી માંગતી અરજી કોમ્પ્યુટર આઈ.ડી.નં.૧૦૦/૧૬૯૧૦ તા.૨૩/૦૫/૨૦૧૯ તથા કોમ્પ્યુટર આઈ.ડી.નં.૧૦૦/૧૬૯૧૧ તા.૨૯/૦૫/૨૦૧૯ ના રોજ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સુરત મહાનગરપાલિકા સ્મીમેર હોસ્પીટલને મળેલ.

ઉપરોકત બંને અરજીની માહિતી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર દ્વારા પત્ર ક્રમાંક સ્મીમેર/હોસ્પી/આઉટ/નં.૧૧૨૭, તા.૦૭/૦૬/૧૯ તથા સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૧૩૧૬, તા.૧૩/૦૬/૨૦૧૯ થી સમય મર્યાદામાં નીચેની વિગતે માહિતી પુરી પાડવામાં આવેલ.

કોમ્પ્યુટર આઈ.ડી.નં.૧૦૦/૧૬૯૧૦ની મુદ્દા નં. ૧થી ૩ ની માહિતી.

| મુદ્દા નં. | માહિતી | પૂર્તતા |
|---|---|---|
| ૧. | આપ સાહેબની હોસ્પિટલમાં લાગેલા તમામ સી.સી.ટી.વી. કેમેરાની આ સમય દરમ્યાન ફુટેજની નકલ | સી.સી.ટી.વી.ફુટેજ ૩૨ જીબીની ૨ નંગ પેનડ્રાઈ રૂબરૂ લઈને ઓફિસ સમય દરમ્યાન આવ્યેથી આપવામાં આવશે. |
| ૨. | તુમ્મા રમેશ કે જે ખોટી રીતે સારવાર અર્થે દાખલ થઈ છે તેનો મેડીકલ રીપોર્ટ, તથા અન્ય સારવારની નકલો..... | હોસ્પિટલમાં દાખલ દર્દીની માહિતી અંગત હોય અન્ય ત્રાહિત વ્યકિત/સંસ્થાને આર.ટી.આઈના કાયદાની કલમ ૮ (૧) (જ) મુજબ આપી શકાય નહી. |
| ૩. | તુમ્મા રમેશ તા.૧૨/૦૫/૨૦૧૯ ના રોજ ડિઝીટલ એક્ષ–રે , જેનો અરજી નં.GEN Reg.No.-102/24/2019/82804 Scroll No.71, Cshier No.40339 કઢાવેલ છે. તેની રીપોર્ટ તથા તેને લગતી સમગ્ર માહિતી તથા મેડીકલ ફાઈલ વિગેરેની નકલ........ | |

કોમ્પ્યુટર આઈ.ડી.નં.૧૦૦/૧૬૯૧૦ની મુદ્દા નં. ૧થી ૭ ની માહિતી.

| મુદ્દા નં. | માહિતી | પૂર્તતા |
|---|---|---|
| ૧. | આપ સાહેબની હોસ્પિટલમાં લાગેલા તમામ સી.સી.ટી.વી. કેમેરાની આ સમય દરમ્યાન ફુટેજની નકલ | સી.સી.ટી.વી.ફુટેજ ૩૨ જીબીની ૨ નંગ પેનડ્રાઈ રૂબરૂ લઈને ઓફિસ સમય દરમ્યાન આવ્યેથી આપવામાં આવશે. |
| ૨. | સપનાબેન લક્ષ્મણભાઈ તુમ્મા કે જે ખોટી રીતે સારવાર અર્થે દાખલ થઈ છે. તેનો મેડીકલ રીપોર્ટ. તથા અન્ય સારવારની નકલો. | હોસ્પિટલમાં દાખલ દર્દીની માહિતી અંગત હોય અન્ય ત્રાહિત વ્યકિત/સંસ્થાને આર.ટી.આઈના કાયદાની કલમ ૮ (૧) (જ) મુજબ આપી શકાય નહી. |

| | | |
|---|---|---|
| ૩. | આપ સાહેબનો હોસ્પિટલમાં સારવાર થયા પછી સપનાબેન લક્ષ્મણભાઈ તુમ્માને કેટલા દિવસમાં રજા આપવામાં આવેલી તેની નકલ . | |
| ૪. | આપ સાહેબની હોસ્પિટલમાં કોઈ દર્દી દાકતરને જાણ કર્યા વગર ચાલ્યા જાય તો ડોકટર દર્દી વિરૂધ્ધ પોલીસને જાણ કરશે એની જવાબદારી કોની હોય છે. | કોઈ પણ MLC દર્દી વોર્ડમાંથી કોઈપણ પ્રકારની જાણ કર્યા વગર ચાલ્યા જાય તો તેની જાણ જે તે વોર્ડના હાજર નર્સીગ સ્ટાફ અને સારવાર કરનાર ડોકટર દ્વારા હોસ્પિટલ ખાતેના ઓન ડયુટી આર.એમ.ઓ. અને MLC કાઉન્ટર પર કરવામાં આવે છે. ત્યારકબાદ MLC કાઉન્ટર પરના હાજર સ્ટાફ દ્વારા તે સંબંધિત જાણ જે તે લાગત પોલીસ સ્ટેશનમાં કરવામાં આવે છે. ઉપરોકત કેસમાં Absconded ની જાણ ઓન ડયુટી આર.એમ.ઓ.ને કરવામાં આવેલ છે. Absconded ની જાણની એન્ટ્રી ડિંડોલી પોલીસ સ્ટેશનને તા.૨૨/૦૫/૨૦૧૯ ના રોજ કરવામાં આવેલ છે. |
| ૫. | આપ સાહેબની હોસ્પિટલમાં સપનાબેન લક્ષ્મણભાઈ તુમ્મા દાકતરને જાણ કરવા વગર ચાલી ગઈ હોય તો તેની માહિતીની નકલ. | હોસ્પિટલમાં દાખલ દર્દીની માહિતી અંગત હોય અન્ય ત્રાહિત વ્યકિત/સંસ્થાને આર.ટી.આઈના કાયદાની કલમ ૮ (૧) (જ) મુજબ આપી શકાય નહી. |
| ૬. | આપ સાહેબની હોસ્પિટલમાં સપનાબેન લક્ષ્મણભાઈ તુમ્મા સારવાર માટે એડમીટ થયા પછી ડીંડોલી પોલીસ સ્ટેશન તથા પોલીસ અધિકારીઓને જાણ કરતા રીપોર્ટની નકલ. | |
| ૭. | આપ સાહેબની હોસ્પિટલમાં સપનાબેન લક્ષ્મણભાઈ તુમ્મા તા.૧૨/૦૫/૨૦૧૯ના રોજ સારવાર માટે આવેલ તે દરમ્યાન ડીજીટલ એકસ–રે રીસીપ્ટ એકઝામીનેશન આર.એમ.ઓ. કઢાવેલ તેની નકલ તથા તેનો સ્કોલ નં.૭૧ જ.ર.નં.૧૦૨/૨૪ ૨૦૧૯/૮૨૮૦, કેશીયર નં.૪૯૩૯ની તમામ માહિતીની નકલ આપવા વિનંતી. | |

ઉપરોકત અપીલ અન્વયે અરજદારને અપીલ અધિકારી દ્વારા પત્ર નં.સ્મીમેર/હોસ્પિ./આઉટ/૧૫૬૧, તા.૨૮/૦૬/૨૦૧૯ થી પત્ર પાઠવવામાં આવેલ તેમજ જણાવવામાં આવેલ અને તેઓ દ્વારા કરવામાં આવેલ અપીલ અરજી સંયુકત કરવામાં આવેલ છે. જે આર.ટી.આઈ. કાયદાની કલમ ૬ (૧) નિયમોનુસાર આર.ટી.આઈ. હેઠળની દરેક અરજીની અપીલ અરજી સ્વતંત્ર કરવાની રહે છે.

અરજદારે અપીલમાં જણાવેલ છે કે સંતોષકારક માહિતી મળેલ નથી. પરંતુ તેના સમર્થનમાં આધાર પુરાવા કે વ્યાજબીપણું જણાવેલ નથી. જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર દ્વારા કાયદાની કઈ કલમ હેઠળ માહિતી આપી શકાય એમ નથી. તે તેઓને જણાવવામાં આવેલ છે. તેમ છતા અપીલની રજુઆતમાં વધારાના કોઈ દસ્તાવેજી સમર્થન સામેલ કરેલ નથી. જાહેર માહિતી અધિકારી દ્વારા તેમના તા.૧૬/૦૭/૧૯ પુર્તતા રીપોર્ટમાં જણાવેલ છે કે આર.ટી.આઈ કાયદાના અપવાદ હેઠળ માહિતી આપી શકાય નહી.

**તારણ**

અરજદારને જાહેર માહિતી અધિકારી દ્વારા સી.સી.ટી.વી.ફુટેજની માહિતી આપવા પ્રસ્તાવ કરેલ છે. જયારે ત્રાહિત વ્યકિત સેવા સારવાર લીધેલ દર્દીના તબીબી રીપોર્ટ, નિદાન રીપોર્ટ કે એક્ષ–રે રીપોર્ટ કલમ ૮ (૧) જે હેઠળ વ્યકિતગત માહિતી હોવાની સાથે વિશ્વાસનીય સંબંધ હેઠળની ૮ (૧) ઈ કાયદાના અપવાદ હેઠળની માહિતી હોય

આપવા પાત્ર પ્રથમ દર્શી જણાતી નથી. અરજદાર અરજી કે અપીલ તબકકે વ્યાપક જાહેર હિત હેઠળ માહિતી જાહેર કરવા યોગ્ય હોવાનું પ્રસ્થાપિત કરી શકયા નથી.

**<u>હુકમ</u>**

અરજદારની મુળ અરજી અને પ્રથમ અપીલ ધ્યાને લેતા અરજદારને ઉપલબ્ધ રેકર્ડ મુજબ નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. તેમજ  કાયદાની કઈ કલમના અપવાદ હેઠળ માહિતી આપી શકાય નહી તેની જાણ કરવામાં આવેલ છે. જેથી પ્રથમ અપીલ અંગે વિશેષ કઈ કરવાનું રહેતુ ન હોય જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર દ્વારા પાઠવવામાં આવેલ પ્રત્યુત્તર યોગ્ય જણાતો હોય પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

જો અરજદાર આ હુકમથી સંતોષ ન હોય તો કાયદાની કલમ – ૧૯ (૩) હેઠળ ૯૦ દિવસમાં ગુજરાત રાજય માહિતી આયોગ, ગુજરાત રાજય કર્મયોગી ભવન, સેકટર – ૧૦ – એ, ગાંધીનગરને બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(એચ.એસ.ભાવસાર)
અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર
સ્મીમેર હોસ્પીટલ
સુરત મહાનગરપાલિકા

નં.સ્મીમેર/આઉટ/
તા.    /૦૭/૨૦૧૯

અપીલ અરજી નં.૨૦૧૯૯૦૦૦૦૦૩
તા.૨૭/૧૧/૨૦૧૯

અરજદાર :– શ્રી સંજય વી. સવાણી
સામાવાળા :–જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પીટલ)

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :** આર.ટી.આઈ. એકટ હેઠળ કોમ્પ્યુટર આઈ.ડી.નં.(૯૦૦/૨૬૭)ની શ્રી સંજય વી. સવાણી તા.૨૭/૦૯/૨૦૧૯ ની માહિતી માંગતી અરજી બાબતે પ્રથમ અપીલ

**સંદર્ભ :**
(૧) પ્રથમ અપીલ સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૬૧૯૮, તા.૨૭/૧૧/૨૦૧૯ અપીલ આઈ.ડી.નં.૨૦૧૯૯૦૦૦૦૦૩, જે અત્રે તા.૨૩/૧૨/૨૦૧૯ ના રોજ મળેલ છે.
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ નો અરજદારને જવાબ સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૫૧૬૨, તા.૧૨/૧૨/૨૦૧૯
(૩) તા.૦૭/૦૧/૨૦૨૦ ના રોજની પુનઃ કરેલ પ્રથમ અપીલ
(૪) અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર કક્ષાએથી અરજદારને પાઠવેલ પત્ર સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૫૬૭૫, તા.૦૮/૦૧/૨૦૨૦

અરજદાર શ્રી સંજય વી. સવાણી તરફથી જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ઈ.ચા.નાયબ આરોગ્ય અધિકારી વેકસીનેશન બ્રાંચ, સુરત મહાનગરપાલિકા તરફથી સ્મીમેર હોસ્પીટલને તબદીલ કરતાં અત્રે સ્મીમેર/હોસ્પી/ઈન./નં.૫૩૮૪, તા.૨૩/૧૧/૨૦૧૯ થી જાહેર માહિતી અધિકારીને મળેલ. સદર અરજીમાં માંગવામાં આવેલ માહિતી મુદ્દા નં.એનની માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ દ્વારા તા.૧૨/૧૨/૨૦૧૯ના પત્ર નં. સ્મીમેર/હોસ્પિ./આઉટ/૫૧૬૨ થી અરજદારને નીચે મુજબ જવાબ પાઠવવામાં આવેલ. " અરજદારને વેબસાઈટ– smimer.suratmunicipal.org પરથી માહિતી મેળવવા જણાવવામાં આવેલ. "

ત્યારબાદ અરજદારશ્રી ધ્વારા મુદ્દા નં.એનની માહિતી અંગે તેમને જવાબ આપેલ નથી જેથી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી ડે.મ્યુનિ.કમિશ્નર (હે.અને હો.) અને અપીલ અધિકારી સુરત મહાનગરપાલિકાને કરેલ જે અત્રે સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૬૧૯૮, તા.૨૩/૧૨/૨૦૧૯ થી મળેલ, તેમજ અરજદારએ તા.૦૭/૦૧/૨૦૨૦ના રોજ પુનઃ કરેલ પ્રથમ અપીલ સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૬૫૩૭, તા.૦૭/૦૧/૨૦૨૦ થી મળેલ. જે અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલને અપીલ તબકકેની પુર્તતા રજુ કરવા જણાવવામાં આવેલ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ દ્વારા સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૫૬૭૪, તા.૦૮/૦૧/૨૦૨૦ થી પુર્તતા રજુ કરેલ છે. જે મુજબ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર હોસ્પિટલ) દ્વારા મુદ્દા નં.એનની માહિતી અંગે આપેલ માહિતી પત્ર વેબ સાઈટના એડ્રેસ સહિત પુનઃ અરજદારને મોકલાવવામાં આવેલ છે. તેમજ અપીલ અધિકારી દ્વારા સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૫૬૭૫, તા.૦૮/૦૧/૨૦૨૦ ના રોજ રજી.એડી થી અપીલકર્તા અરજદારને પણ પત્ર પાઠવવામાં આવેલ જેમાં સૂચિત કરવામાં આવેલ કે તેઓને જાહેર માહિતી અધિકારી દ્વારા વેબસાઈટ પરથી માહિતી મેળવવા પત્ર દ્વારા જાણ કરવામાં આવેલ છે. જેના અનુસંધાને તેમણે વેબસાઈટ પરથી માહિતી મેળવેલ છે કે કેમ ? તે પછી તેમની અપીલના મુદ્દા અંગે કોઈ પુરક રજુઆત હોય તો દિન–૭માં રજુ કરવા જણાવેલ, પરંતુ અરજદારને તા.૧૦/૦૧/૨૦૨૦ના રોજ પત્ર મળી ગયેલ હોય, તેમના દ્વારા આજદીન સુધી મુદ્દા નં. એનની માહિતી માંગતો પત્રની અપીલ અંગે તેમનો પક્ષ રજુ કરવામાં આવેલ નથી.

**તારણ :**

મુદ્દા નં.એન ની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલ તરફથી સમય મર્યાદામાં માહિતી વેબસાઈટ પરથી મેળવી લેવા જણાવતો પત્ર આપેલ છે. મુળ અરજી અન્વયે સ્મીમેર હોસ્પિટલની વેબસાઈટ– smimer.suratmunicipal.org પરથી માહિતી મેળવવા જણાવેલ છે.

**હુકમ**

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલ દ્વારા મુળ અરજી અને પ્રથમ અપીલમાંની પુર્તતાની વિગતો જાહેર માહિતી અધિકારી દ્વારા ધ્યાને લેતા અરજદારને પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. તેમજ અરજદાર દ્વારા મુદ્દા નં.એનની માહિતી સ્મીમેર હોસ્પિટલની વેબસાઈટ– smimer.suratmunicipal.org પરથી માહિતી મેળવવા જણાવેલ તેમ છતાં અરજદાર દ્વારા પ્રથમ અપીલ કરવામાં આવેલ પરંતુ અપીલ તબકકે અરજદાર દ્વારા વેબસાઈટ પરથી માહિતી મેળવેલ છે કે નહી તે અંગે કોઈ પુરક રજુઆત કરેલ નથી. પ્રોએકટીવ ડીસ્કલોઝર હેઠળની માહિતી અરજદારને વિના માંગ્યે મળી રહે તે હેતુથી વેબસાઈટ પર મુકવાનું ઉદ્દેશ આર.ટી.આઈ કાયદાની કલમ –૪ (૧) (બી) હેઠળ છે. અરજદારે આ બાબતને પડકારેલ નથી કે કોઈ પુરક રજુઆત કરેલ નથી. જે ધ્યાને લેતા તેવુ માનવાને કારણ છે કે અરજદારે વેબસાઈટ પરથી માહિતી મેળવ્યાનું ગણી શકાય તેમ છતા અરજદાર જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નકલો મેળવવા આગ્રહી હોય તો હુકમની તારીખથી દિન–૭માં જાહેર માહિતી અધિકારીનો આગોતરો સંપર્ક કરી આર.ટી.આઈ. કાયદાની કલમ–૭ (૩) સાથે માહિતી નિયમ–૫ હેઠળની નિયત દસ્તાવેજ ફી ભરપાઈ કર્યા બાદ જાહેર માહિતી અધિકારી કક્ષાએથી નકલો મેળવવા સ્વતંત્ર છે. આ હુકમ સાથે બંન્ને પ્રથમ અપીલનો આખરી નિકાલ કરવામાં આવે છે.

આ હુકમથી નારાજગીના કિસ્સામાં અરજદાર દિન–૯૦ (નેવું) માં માહિતી આયોગ, ગુજરાત રાજય ગાંધીનગરને બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(એચ. એસ. ભાવસાર)
અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર
સ્મીમેર હોસ્પીટલ
સુરત મહાનગરપાલિકા

નં.સ્મીમેર/હોસ્પિ./આઉટ/
તા. /૦૧/૨૦૨૦

અપીલ અરજી નં.૨૦૧૯૧૦૦૦૦૧૩
તા.૦૨/૦૩/૨૦૨૦

અરજદાર :– શ્રી આસીફ મેમણ
સામાવાળા :–જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પીટલ)

**ફરીયાદીની હકીકત :–**

**વિષય** : આર.ટી.આઈ.એકટ હેઠળકોમ્પ્યુટરઆઈ.ડી.નં.(૧૦૦/૧૬૯૮૯,તા.૦૭/૦૨/૨૦૨૦) ની શ્રી આસીફ મેમણ ની માહિતી માંગતી અરજી બાબતે પ્રથમ અપીલ.

**સંદર્ભ** : (૧) પ્રથમ અપીલ સ્મીમેર / હોસ્પિ. / ઈન / નં. ૭૯૧૧, તા.૦૨ / ૦૩ / ૨૦૨૦
અપીલ અરજી નં.૨૦૧૯૧૦૦૦૦૧૩, તા.૦૨/૦૩/૨૦૨૦
(૨) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ નો અપીલ અંગે રજુ કરેલ
પુતર્તારીપોર્ટપત્રનં.સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૭૧૮૦,તા.૦૯/૦૩/૨૦૨૦

સંદર્ભ–૨ ના સેકશન ઓફિસરને જાહેર માહીતી અધિકારીના પત્ર અન્વયે અરજદાર શ્રી આસીફ મેમણ તરફથી જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર,સ્મીમેર હોસ્પીટલને અત્રે સ્મીમેર/હોસ્પી/ઈન./નં.૭૩૧૨, તા.૦૭/૦૨/૨૦૨૦ થી જાહેર માહિતી અધિકારીને મળેલ. સદર અરજીમાં માંગવામાં આવેલ શ્રી ધર્મેન્દ્ર રમણગીરીએ સ્મીમેર હોસ્પિટલમાં લીધેલ જાન્યુઆરી–૨૦૧૮ થી સપ્ટેમ્બર–૨૦૧૯ સુધીના સારવાર પેપર ની માંગણી કરતી માહિતી બાબતે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, સ્મીમેર હોસ્પિટલ દ્વારા અનુમાનિત પી.આઈ.ઓ. અને મેડીકલ રેકર્ડ ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પિટલ) ને સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૬૪૮૩, તા.૧૨/૦૨/૨૦૨૦ થી પત્ર પાઠવેલ. તેઓ દ્વારા સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૭૪૭૮, તા.૧૪/૦૨/૨૦૨૦ ના રોજ અત્રે જવાબ મોકલાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ દ્વારા તા.૧૫/૦૨/૨૦૨૦થી પત્ર નં. સ્મીમેર/હોસ્પિ./આઉટ/૬૫૭૩ થી અરજદારને સમય મર્યાદામાં જવાબ પાઠવવામાં આવેલ કે “ હોસ્પિટલમાં દર્દીએ લીધેલ સારવારની માહીતી અંગત હોય અન્ય ત્રાહીત વ્યકિતને તે અંગેની માહીતી આપી શકાય તેમ નથી.”

ત્યારબાદ અરજદારશ્રી ધ્વારા શ્રી ધર્મેન્દ્ર રમણગીરીએ સ્મીમેર હોસ્પિટલમાં લીધેલ જાન્યુ–૨૦૧૮ થી સપ્ટે–૨૦૧૯ સુધીના સારવાર પેપર ની માંગણી કરતી માહિતી મળેલ નથી એમ જણાવી પ્રથમ અપીલ અરજી સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૭૯૧૧, તા.૦૨/૦૩/૨૦૨૦ થી અત્રે મળેલ છે. અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર દ્વારા સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૭૧૭૯, તા.૦૯/૦૩/૨૦૨૦ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલને અપીલ તબકકેની પુર્તતા રજુ કરવા જણાવવામાં આવેલ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ દ્વારા સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૭૧૮૦, તા.૦૯/૦૩/૨૦૨૦ થી પુર્તતા રજુ કરેલ છે. જે મુજબ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર હોસ્પિટલ) દ્વારા માહિતી સમય મર્યાદામાં અરજદારને મોકલાવવામાં આવેલ છે. અને હોસ્પિટલમાં દર્દીએ લીધેલ સારવાર ની માહીતી અંગત હોય અન્ય ત્રાહીત વ્યકિતને તે અંગેની માહીતી આપી શકાય નહી એમ જવાબમાં જણાવેલ છે.

અપીલ અધિકારી કક્ષાએ થી અત્રેના પત્ર નં. સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૭૧૮૧, તા.૦૯/૦૩/૨૦૨૦ થી દિન–૭ માં અપીલના સમર્થનમાં જો કોઈ આધાર પુરાવા હોય તો રજુ કરવા અરજદારને પત્ર પાઠવી જણાવવામાં આવેલ પરંતુ અપીલ તબકકે આજ દિન સુધી અરજદાર કોઈ આધાર પુરાવા રજુ કરી શકેલ નથી.

## <u>તારણ</u>

અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલ દ્વારા રજુ કરેલ બચાવ મુજબ હોસ્પિટલમાં દર્દીએ લીધેલ સારવારની માહીતી અંગત હોય અન્ય ત્રાહીત વ્યકિતને તે અંગેની માહીતી આપવા પાત્ર પ્રથમદર્શી થાય નહી તેમજ અપીલ તબકકે કોઈ આધાર પુરાવા રજુ કરી શકેલ નથી.

## <u>હુકમ</u>

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલ દ્વારા મુળ અરજી અને પ્રથમ અપીલ ધ્યાને લેતા અરજદારને નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. તેમજ અરજદાર દ્વારા અપીલ તબકકે અપીલના સમર્થનમાં આધાર પુરાવા રજુ કરવામાં નિષ્ફળ નીવડેલ છે. જેથી જાહેર માહીતી અધિકારી દ્વારા અરજદારને પાઠવેલ પ્રત્યુતર ગ્રાહય રાખી હોસ્પિટલ ખાતેની પ્રથમ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમથી નારાજગીના કિસ્સામાં અરજદાર દિન–૯૦ (નેવું) માં માહિતી આયોગ, ગુજરાત રાજય ગાંધીનગરને બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(એચ.એસ.ભાવસાર)
અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર
સ્મીમેર હોસ્પીટલ
સુરત મહાનગરપાલિકા

નં.સ્મીમેર/આઉટ/
તા.   /૦૩/૨૦૨૦

અપીલ અરજી નં.૨૦૧૯૬૦૦૦૧૯૯
તા.૨૭/૦૮/૨૦૧૯

અરજદાર :– શ્રી સંજય આર. પાઠક
સામાવાળા :–જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પીટલ)

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :** આર.ટી.આઈ. એકટ હેઠળ કોમ્પ્યુટર આઈ.ડી.નં.(૬૦૦/૧૦૭૩૯)ની શ્રી સંજય આર. પાઠકે તા.૨૫/૦૭/૨૦૧૯ ની માહિતી માંગતી અરજી બાબતે પ્રથમ અપીલ

**સંદર્ભ :**
(૧) નં.સા.ઝોન/ટેક/૯૯૧, તા.૨૬/૦૭/૨૦૧૯
(૨) પ્રથમ અપીલ સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૩૪૪૨, તા.૨૯/૦૮/૨૦૧૯ અપીલ આઈ.ડી.નં. .૨૦૧૯૬૦૦૦૧૯૯, તા.૨૭/૦૮/૨૦૧૯
(૩) અનુમાનિત પી.આઈ.ઓ. અને મેડીકલ રેકર્ડ ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પિટલ) ને પત્ર સ્મીમેર/ હોસ્પિ./આઉટ/નં.૨૩૦૪, તા.૩૦/૦૭/૨૦૧૯(મુદ્દા નં. ૧ થી ૩ની માહિતી)
(૪) અનુમાનિત પી.આઈ.ઓ. અને મેડીકલ રેકર્ડ ઓફિસરશ્રી નો રીપોર્ટ સ્મીમેર/ હોસ્પિ./ઈન/નં.૩૦૨૧, તા.૦૭/૦૮/૨૦૧૯
(૫) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ નો અરજદારને જવાબ સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૨૪૭૨, તા.૦૮/૦૮/૨૦૧૯

અરજદાર શ્રી સંજય આર. પાઠક તરફથી જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેર સાઉથ ઝોન, ઉધના, સુરત મહાનગરપાલિકા તરફથી સ્મીમેર હોસ્પીટલને તબદીલ કરતાં અત્રે સ્મીમેર/હોસ્પી/ઈન./નં.૨૭૪૯, તા.૩૦/૦૭/૧૯ થી જાહેર માહિતી અધિકારીને મળેલ. સદર અરજીમાં માંગવામાં આવેલ માહિતી મુદ્દા નં.૧ થી ૫ ની માહિતી અન્વયે મુદ્દા નં.૩ની માહિતી અંગે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલ દ્વારા અનુમાનિત પી.આઈ.ઓ. અને મેડીકલ રેકર્ડ ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પિટલ) ને સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૨૩૦૪, તા.૩૦/૦૭/૨૦૧૯ થી પત્ર પાઠવેલ છે. તેઓ દ્વારા સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૩૦૨૧, તા.૦૭/૦૮/૨૦૧૯ ના રોજ અત્રે જવાબ મોકલાવેલ. જે અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ દ્વારા તા.૦૮/૦૮/૧૯ના પત્ર નં. સ્મીમેર/હોસ્પિ./આઉટ/૨૪૭૨ થી અરજદારને જવાબ પાઠવવામાં આવેલ.

ત્યારબાદ અરજદારશ્રી ધ્વારા મુદ્દા નં.૨ અને ૩ની માહિતી અંગે ગેરમાર્ગે દોરતા, ખોટું માનતા કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી, સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૩૪૪૨, તા.૨૯/૦૮/૨૦૧૯ થી અત્રે મળેલ છે. અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર દ્વારા સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૨૯૮૬, તા.૦૫/૦૯/૨૦૧૯ થી જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલને અપીલ તબકકેની પુર્તતા રજુ કરવા જણાવવામાં આવેલ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ દ્વારા સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૩૪૩૨, તા.૨૫/૦૯/૨૦૧૯ થી પુર્તતા રજુ કરેલ છે. જે મુજબ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર હોસ્પિટલ) દ્વારા મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી સમય મર્યાદામાં અરજદારને મોકલાવવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલએ તેમના પુર્તતા રીપોર્ટ સાથે એ પણ જણાવેલ છે કે મુદ્દા નં.ર અને ૩ ગેરમાર્ગે દોરતો પ્રત્યુત્તર પાઠવવાનું હોવાનું જણાવી પ્રથમ અપીલ રજુ કરેલ છે. અરજદારને અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર દ્વારા પત્ર નં.સ્મીમેર/હોસ્પિ./અપીલ/આઉટ/ર૯૮૭, તા.૦પ/૦૯/ર૦૧૯ મુદ્દા નં.ર અને ૩ અંગે દિન–૭માં અપીલના સમર્થનમાં જો કોઈ આધાર પુરાવા હોય તે રજુ કરવા જણાવવામાં આવેલ. પરંતુ અપીલ તબકકે આજદીન સુધી અરજદાર કોઈ આધાર પુરાવા રજુ કરી શકેલ નથી.

**<u>તારણ</u> :**

મુદ્દા નં.૧ થી ૩ ની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલ તરફથી સમય મર્યાદામાં આપેલ છે. મુળ અરજી અન્વયે બી.આર.ટી.એસ.ના બધા જ અકસ્માતમાં ઈજા પામેલ/મૃત્યુ થયેલ વાહન ચાલકો અને રાહદારીઓને માત્ર સ્મીમેર કોલેજ ખાતે લાવવામાં આવે તેવા તથા મેડીકો લીગલ કેસમાં પણ તે અંગેનો સ્પષ્ટ ઉલ્લેખ થતો હોય તેવા કોઈ આધાર પુરાવા અરજદાર રજુ કરી શકેલ નથી.

**<u>હુકમ</u>**

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલ દ્વારા મુળ અરજી અને પ્રથમ અપીલ ધ્યાને લેતા અરજદારને નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. તેમજ અરજદાર દ્વારા મુદ્દા નં. ર અને ૩ અંગે કોઈ આધાર પુરાવા રજુ કરવામાં નિષ્ફળ નીવડેલ છે. જેથી હોસ્પિટલ ખાતેની પ્રથમ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમથી નારાજગીના કિસ્સામાં અરજદાર દિન–૯૦ (નેવું) માં માહિતી આયોગ, ગુજરાત રાજય ગાંધીનગરને બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(બી.સી.ખુંટ)
અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર
સ્મીમેર હોસ્પીટલ
સુરત મહાનગરપાલિકા

નં.સ્મીમેર/આઉટ/
તા. /૧૦/ર૦૧૯

અપીલ અરજી નં.૨૦૧૯૩૦૦૦૪૮૫
તા.૨૨/૧૧/૨૦૧૯

અરજદાર :– શ્રી અજય જાંગીડ
સામાવાળા :–જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસરશ્રી (સ્મીમેર હોસ્પીટલ)

**ફરીયાદીની હકીકત :–**

**વિષય :** આર.ટી.આઈ. એકટ હેઠળ કોમ્પ્યુટર આઈ.ડી.નં.(૩૦૦/૩૯૨૭૩)ની શ્રી અજય જાંગીડ તા.૧૦/૦૬/૨૦૧૯ ની માહિતી માંગતી અરજી બાબતે પ્રથમ અપીલ

**સંદર્ભ :** (૧) પ્રથમ અપીલ સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૧૪૩૫, તા.૧૧/૦૬/૨૦૧૯ અપીલ આઈ.ડી.નં.૨૦૧૯૩૦૦૦૪૮૫, તા.૨૨/૧૧/૨૦૧૯
(૨) જાહેહ માહિતી અધિકારી અને સેકશન ઓફિસર, સ્મીમેર પ્રતિ અંશતઃ તબદીલ પત્ર ક્રમાંક નં.સ્મીમેર/હોસ્પિ./આઉટ/૧૪૧૭, તા.૨૦/૦૬/૨૦૧૯
(૩) જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ નો અરજદારને જવાબ સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૨૧૮૧, તા.૨૫/૦૭/૨૦૧૯

અરજદાર શ્રી સંજય આર. પાઠક તરફથી જાહેર માહિતી અધિકાર અધિનિયમ–૨૦૦૫ અન્વયેની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્ક (મધ્યસ્થ કચેરી) સુરત મહાનગરપાલિકાતરફથી સ્મીમેર હોસ્પીટલને તબદીલ કરતાં અત્રે સ્મીમેર/હોસ્પી/ઈન./નં.૧૪૩૫, તા.૧૧/૦૬/૧૯ થી જાહેર માહિતી અધિકારીને મળેલ. સદર અરજીમાં માંગવામાં આવેલ માહિતી મુદ્દા નં.૭ ની માહિતી અન્વયે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ દ્વારા તા.૨૫/૦૭/૧૯ના પત્ર નં. સ્મીમેર/હોસ્પિ./આઉટ/૨૧૮૧ થી અરજદારને જવાબ પાઠવવામાં આવેલ.

ત્યારબાદ અરજદારશ્રી ધ્વારા મુદ્દા નં.૭ની માહિતી અંગે તેમને માહિતી મળેલ નથી જેથી કરવામાં આવેલ પ્રથમ અપીલ અરજી, સ્મીમેર/હોસ્પિ./ઈન/નં.૫૫૧૩, તા.૨૭/૧૧/૨૦૧૯ થી અત્રે મળેલ છે જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલને અપીલ તબકકેની પુર્તતા રજુ કરવા જણાવવામાં આવેલ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર સ્મીમેર હોસ્પિટલ દ્વારા સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૪૮૨૦, તા.૨૮/૧૧/૨૦૧૯ થી પુર્તતા રજુ કરેલ છે. જે મુજબ જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર (સ્મીમેર હોસ્પિટલ) દ્વારા મુદ્દા નં.૭ ની માહિતી પુનઃ અરજદારને મોકલાવવામાં આવેલ છે.

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલએ તેમના પુર્તતા રીપોર્ટ સાથે એ પણ જણાવેલ છે કે મુદ્દા નં.૭ ની માહિતી મળેલ નથી એવો પ્રત્યુત્તર પાઠવવાનું હોવાનું જણાવી પ્રથમ અપીલ રજુ કરેલ છે.

**<u>તારણ</u> :**

મુદ્દા નં.૭ ની માહિતી અરજદારને જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલ તરફથી સમય મર્યાદામાં આપેલ છે. મુળ અરજી અન્વયે સ્મીમેર હોસ્પિટલમાં કાર્યરત નર્સ / વોર્ડબોયની ની સંધયાની પ્રમાણિત નકલ નામ અને વર્ષ પ્રમાણે આપેલ છે.

**<u>હુકમ</u>**

જાહેર માહિતી અધિકારી અને સેકશન ઓફિસર હોસ્પિટલ દ્વારા મુળ અરજી અને પ્રથમ અપીલ ધ્યાને લેતા અરજદારને નિયત સમય મર્યાદામાં પ્રત્યુત્તર પાઠવવામાં આવેલ છે. તેમજ અરજદાર દ્વારા મુદ્દા નં.૭ની માહિતીના પાના નં.૧૯ વિના મુલ્યે સ્મીમેર/હોસ્પિ./આઉટ/નં.૫૦૬૮, તા.૦૬/૧૨/૧૯ થી પુરી પાડેલ છે. અને અરજદારે તા.૦૭/૧૨/૧૯ ના રોજ સ્વીકારેલ છે. જેથી હોસ્પિટલ ખાતેની પ્રથમ અપીલ અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોય, પ્રથમ અપીલ અરજી દફતરે કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમથી નારાજગીના કિસ્સામાં અરજદાર દિન–૯૦ (નેવું) માં માહિતી આયોગ, ગુજરાત રાજય ગાંધીનગરને બીજી અપીલ કરવા સ્વતંત્ર છે.

(એચ. એસ. ભાવસાર)
અપીલ અધિકારી અને પર્સોનેલ ઓફિસર
સ્મીમેર હોસ્પીટલ
સુરત મહાનગરપાલિકા

નં.સ્મીમેર/હોસ્પિ./આઉટ/
તા. /૧૨/૨૦૧૯